ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

## નીડ કમિટીની કાર્યનોંધ

આજ રોજ તા. 26-03-2015, ગરૂવારના રોજ સવારે 9-30 કલાકે નીડ કમિટી એક સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષપદે મળી હતી. જેમાં નીચેના સભ્યો હાજર હતા.

| ક્રમ | નીડ કમિટીના સભ્યો | હાજર/ગેરહાજર |
|---|---|---|
| 1 | ડો એમ.એન. પટેલ, કુલપતિશ્રી | હાજર |
| 2 | શ્રી નરહરીભાઈ અમીન, એક્ઝીક્યુટિવ કાઉન્સિલ મેમ્બર | હાજર |
| 3 | શ્રી ગિરિશભાઈ ચૌધરી, એક્ઝીક્યુટિવ કાઉન્સિલ મેમ્બર | હાજર |
| 4 | ડો નીરજાબેન અરુણ, એક્ઝીક્યુટિવ કાઉન્સિલ મેમ્બર | હાજર |
| 5 | ડો બી.વી. પટેલ, પૂર્વ ડીન, સાયન્સ ફેકલ્ટી | હાજર |
| 6 | શ્રી સતિષભાઈ પટેલ, એક્ઝીક્યુટિવ કાઉન્સિલ મેમ્બર | હાજર |
| 7 | શ્રી દેવાંગભાઈ નાણાંવટી, એક્ઝીક્યુટિવ કાઉન્સિલ મેમ્બર | ગેરહાજર |
| 8 | ડો હિમાંશુભાઈ પટેલ, એક્ઝીક્યુટિવ કાઉન્સિલ મેમ્બર | ગેરહાજર |

આ સભામાં નીચેના ઠરાવો સર્વાનુમતિથી કરવામાં આવ્યા.

1. University Grants Commission [Affiliation of Colleges by Universities] Regulations, 2009 તથા University Grants Commission [Affiliation of Colleges by Universities] (1st Amendments) Regulations, 2012ની જોગવાઈઓનુ ચૂસ્તપણે પાલન કરવાનુ ઠરાવવામાં આવે છે.
2. નવી કોલેજો માટે જોડાણ અરજી પ્રોસેસીંગ ફી (નોન-રીફંડેબલ) રૂ. 2,00,000/- (અંકે રૂપિયા બે લાખ પૂરા) તથા પુનઃ જોડાણ (રીન્યુઅલ) અરજી પ્રોસેસીંગ ફી (નોન-રીફંડેબલ) રૂ. 50,000/- (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) રાખવાનું ઠરાવવામાં આવે છે.
3. જોડાણ/પુનઃ જોડાણ (રીન્યુઅલ) અરજી ફી તરીકે નોન-રીફંડેબલ રૂ. 5,000/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) રાખવાનું ઠરાવવામાં આવે છે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

4. જોડાણ/પુનઃ જોડાણ (રીન્યુઅલ) અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિ ફી તરીકે નોન-રીફંડેબલ રૂ. 25,000/- (અંકે રૂપિયા પચીસ હજાર પૂરા) રાખવાનું ઠરાવવામાં આવે છે.
5. University Grants Commission [Affiliation of Colleges by Universities] Regulations, 2009 તથા University Grants Commission [Affiliation of Colleges by Universities] (1st Amendments) Regulations, 2012ની જોગવાઈ 3.2.2 મુજબ કોર્પસ ફંડ તરીકે રૂ. 15,00,000/- (અંકે રૂપિયા પંદર લાખ પૂરા)ની કાયમી ધોરણે ફીક્સ ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી તથા સંસ્થાના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડિપોઝીટ મુકવાની રહેશે અને તેના આધાર-પુરાવા રજૂ કરવાના રહેશે. જે પાકતી મુદતે વ્યાજની રકમ સહિત રીન્યુ કરવાની રહેશે.
6. શિક્ષણ વિભાગના તા. 21-01-2001ના ઠરાવ ક્રમાંક યજન/102001-28-ખ.1ને વંચાણે લઈ નીચે મુજબની ફી તથા ડીપોઝીટ રાખવાનુ ઠરાવવામાં આવ્યુ.
    a. સંસ્થાએ આર્થિક સધ્ધરતા માટે રૂ. 25,00,000/- (અંકે રૂપિયા પચીસ લાખ પૂરા)ની રકમ રોકડ/બેંક બેલેન્સ/ડિપોઝીટ(રાષ્ટ્રીયકૃત બેંકમાં)ના રૂપમાં જમા છે અને તેટલી જ રકમની અન્ય સ્થાયી અસ્કયામતો ધરાવે છે તેના આધાર-પુરાવા રજૂ કરવાના રહેશે. સદરહુ રોકડ/બેંક બેલેન્સ/ડિપોઝીટ(રાષ્ટ્રીયકૃત બેંકમાં) તેમજ સ્થાયી અસ્કયામતો રૂણમુક્ત છે તે મતલબનું ચેરિટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
    b. દરેક પદવીના અભ્યાસક્રમના વર્ગ દીઠ રૂ. 6,00,000/- (અંકે રૂપિયા છ લાખ પૂરા)ની ફીક્સ ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી તથા સંસ્થાના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડિપોઝીટ મુકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજની રકમ સહિત રીન્યુ કરવાની રહેશે.
    c. કોલેજ શરૂ કરતા પહેલાં સંસ્થા પાસે રૂ. 10,00,000/- (અંકે રૂપિયા દસ લાખ પૂરા)નુ વર્કીંગ ફંડ હોવા અંગેના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાના રહેશે.
    d. કોલજેના કર્મચારીઓના પગાર ભથ્થા માટે અનામત ફંડ તરીકે રૂ. 5,00,000/- (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)ની ફીક્સ ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી તથા સંસ્થાના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડિપોઝીટ મુકવાની રહેશે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

7. ગ્રામ્ય વિસ્તારમાં માત્ર બહેનો માટે નવી કોલેજ શરૂ કરવા માંગતી સંસ્થાઓને ઉપરોક્ત ઠરાવ નં. 5, 6(a) તથા 6(b)માં દર્શાવેલ ફીના ધારાધોરણોમાં 25% છૂટછાટ આપવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવાનું ઠરાવવામાં આવ્યુ.
8. એક જ કેમ્પસમાં એક કે તેથી વધુ ટેકનિકલ/પ્રોફેશનલ કે અન્ય કોલેજ ચાલતી હોય તો આવી કોલેજો માટે નિયત કરવામાં આવેલ જમીનને બાદ કરીને University Grants Commission [Affiliation of Colleges by Universities] Regulations, 2009 તથા University Grants Commission [Affiliation of Colleges by Universities] (1st Amendments) Regulations, 2012ની જોગવાઈઓ મુજબની સ્વતંત્ર જમીન તથા બિલ્ડીંગ હોવા જોઈએ ઠરાવવામાં આવ્યુ.
9. એક સંસ્થાની મંજૂરી મળેલ હોય તો તે સંસ્થાને તે જ જગ્યાએ તેવી જ બીજી કોલેજ શરૂ કરવાની મંજૂરી ન આપવાની ભલામણ કરવામાં આવી.
10. આર્ટ્સ, કોમર્સ તથા સાયન્સ વિદ્યાશાખામાં શૈક્ષણિક વર્ષ 2015-2016થી ઉપરોક્ત જોગવાઈઓ મુજબની નવી સેલ્ફ ફાઈનાન્સ કોલેજો શરૂ કરવા માટે નવી અરજીઓ મંગાવવા માટે જાહેરાત આપવાનુ ઠરાવવામાં આવ્યુ.

ત્યારબાદ અધ્યક્ષશ્રીનો આભાર માની સભાનુ કામકાજ પૂર્ણ કરવામાં આવ્યું.

તારીખઃ 26-03-2015 (ડૉ. એચ.સી. પટેલ)
સ્થળઃ ગુજરાત યુનિવર્સિટી મુખ્ય કાર્યાલય, અમદાવાદ. કુલસચિવ